Extra No. 338

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્રનં. એલઆઈબી/જાહેરનામું/૧૫૦૬/ ૨૦૨૫ તા.૦૨/૦૯/૨૦૨૫

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરના જીસ્વાન મેસેજ નં.જી-૧/સુ.વ્ય./ટે.૨/૧૭૧૯/૦૯ તા. ૦૯/૦૭/૦૯

જાહેરનામું.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ-૨/ઔદ્યોગિક એકમ/વશી/૧૩૮૩/૨૦૨૫.

આદેશ

સમગ્ર દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓ, ગુન્હાખોરીને ડામવાના હેતુથી તથા અપરાધીઓને સરળતાથી ટ્રેસ કરી શકાય તે હેતુથી રાજયમાં આવેલ ઔદ્યોગિક એકમો/ ફેક્ટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘર નોકર તરીકે કામ કરતા કારીગરો/ કામ કરતા મજુરો / કર્મચારીઓ અન્વયે પરપ્રાંતિય ઈસમો તથા અજાણ્યા વ્યકિત અંગેની સ્પષ્ટ અને રજેરજની માહિતી પોલીસતંત્ર તથા તપાસ એજન્સીઓ પાસે ઉપલબ્ધ હોય તે જરૂરી છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અમલવારી

1. ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/ કર્મચારીઓ અંગેની સ્પષ્ટ અને રજેરજની માહિતી માલિકો/સંચાલકોએ નીચે મુજબના નમુનામાં તૈયાર કરી સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક પુરી પાડવાની રહેશે.

2. કોઈપણ નાગરિકે કોઈ સંદિગ્ધ માહિતી જણાયેથી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

3. અમલવારી ન કરનાર એકમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઔદ્યોગિક એકમો/ ફેકટરી/ હોટલ/ ગોડાઉન/ ઓફીસ/ ફાર્મહાઉસ/ ઘરમાં કામ કરતા નોકર/કારીગરો/કામ કરતા મજુરો/કર્મચારીઓની વિગત દર્શાવતા પત્રકનો નમુનો

ફોટોગ્રાફ

પોલીસ સ્ટેશનનું નામ :- જિલ્લો/શહેર :-

૧. માલિકનું નામ, સરનામું તથા ફોન, મોબાઈલનં :-

૨. ધંધાની વિગત કારખાના, ફેકટરી, યુનીટનું નામ :-

સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૩. કર્મચારી, કારીગર મજુરનું નામ, હાલનું સરનામું :-

તથા ઓળખચિન્હો, અભ્યાસ

૪. હાલમાં કોણ કોણ સાથે રહે છે.

૫. રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે?:-

૬. જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે?:-

૭. કર્મચારી, કારીગર, મજુરનું વતનનું સરનામું તથા :-

ટે.નં./મોબાઈલ નંબર, જીલ્લો, ગામ પોલીસ સ્ટેશન

૮. કર્મચારી, કારીગર, મજુરની નાગરીકત્વની વિગત:-

૯. કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યા તારીખ :-

૧૦. કર્મચારી, કારીગર, મજુર અગાઉ જે જગ્યાએ કામ :-

કરતા હોય તે માલિકનું પુરુ નામ, સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૧. કર્મચારી, કારીગર, મજુરકોના રેફરન્સ, પરિચયથી :-નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરુ નામ સરનામું તથા ટે.નં./મોબાઈલ નંબર

૧૨. કર્મચારી, કારીગર, મજુરના બે ત્રણ સગા સબંધીઓના :-

પુરાનામ સરનામું, વતન, સહિતના તથા ટે.નં./મોબાઈલ

નંબર

૧૩. નામ-સરનામા બાબતે ખાતરી કરેલ છે. જો ખાતરી :-

કરેલ હોય તો કોણે કરેલ છે.

સ્થળ :-

તારીખ :- એકમ/વ્યકિતનો સહી-સિક્કો

"જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય-ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૦મી સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંધ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

વાંચ્યો :- પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, હિંમતનગરના તા. ૦૬/૦૯/૨૦૨૫ના પત્ર નં. શાસન/ બિનધિકૃત/કાર્યવાહિ/ઓન/

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું

નં.પી.ઓ.એલ.૨/આર.ટી.ઓકચેરી/એજન્ટ પ્રતિબંધ/જા.નામુ/વશી/૧૩૮૯/૨૦૨૫.- સાબરકાંઠા જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.કચેરી) મોજે.સવગઢ, તા.હિંમતનગર ખાતે આવેલ છે. સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી,ટેક્ષ ભરવાની કાર્યાવાહી, પરમીટ સબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯થી કાયદેસર એજન્ટ પ્રથા નથી આમ છતાય ઘણીવાર અરજદારો/ નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો/વ્યકિતઓ ધ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો / નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિ:શુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનુ કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યકિતઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારી / અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારા ધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યક્તિઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ,(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

"જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃતિ"

મોજે.સવગઢ, તા.હિમતનગર ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યકિત અથવા વ્યક્તિઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

આ હુકમ તા.૧૪/૦૯/૨૦૨૫ થી તા.૧૨/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૦મી સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:56:25 IST